# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે આંતર-કોલેજ અને આંતર-પોલિટેકનીક એથ્લેટીક્સ સ્પર્ધાઓ યોજાઇ

આણંદ કૃષિ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે આંતર-કોલેજ અને આંતર-પોલિટેકનીક એથ્લેટીક્સ સ્પર્ધા ૨૦૨૪-૨૫ નો ઉદ્દઘાટન કાર્યક્રમ તા. ૧૯/૦૨/૨૦૨૫ ના રોજ માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયા સાહેબના વરદ હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો. સદર પ્રોગ્રામમાં યુનિવર્સિટી ઓફિસર્સ, જુદી-જુદી ફેક્લ્ટીના ડિન્સ, એસ.આર.સી. ચેરમેન, ફીજીકલ ઇંસ્ટ્રક્ટર તેમજ વિદ્યાર્થી સ્પર્ધકો ઉપસ્થિત રહેલ હતા. ડો. કે. બી. કથીરીયાએ તેમના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને આર્શિવચન પાઠવતા જણાવ્યુ કે વિદ્યાર્થીઓ વધુમાં વધુ આવી સ્પર્ધાઓમાં ભાગ લે અને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવે. વધુમાં તેઓએ વિદ્યાર્થીઓમાં ટીમ સ્પીરીટની ભાવના અને શારીરિક અને માનસિક ફિટનેસ ઉપર ખાસ ભાર મુક્યો હતો. સ્પર્ધાની શરૂઆતમાં કેપ્ટન પી. એ. ગોહિલ, ફીજીકલ ઇંસ્ટ્રક્ટર દ્વારા ખેલાડીઓને પ્રતિજ્ઞા લેવડવામાં આવેલ હતી. ત્યાર બાદ સ્પર્ધાનું શુભારંભ ડો. કે. બી. કથીરીયા સાહેબના વરદ હસ્તે ફ્લેગ ઓફ કરી કરવામાં આવ્યુ હતુ. તા. ૧૯ અને ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ આમ બે દિવસ યોજાયેલ વિવિધ સ્પર્ધાંઓ જેવીકે ૧૦૦, ૨૦૦ મીટર રન હીટ, ૪૦૦, ૮૦૦ મીટર રન હીટ, ૧૫૦૦ મીટર રન, ૧૦૦ મીટર રીલે, ડિસ્ક થ્રો, હાય જમ્પ, લોંગ જમ્પ, શોટ પુટ વિગેરે સ્પર્ધાઓમાં કુલ ૨૦૮ વિદ્યાર્થી ભાઇઓ અને બહેનો ભાગ લીધો હતો.













સદર સ્પર્ધાનો સમાપન કાર્યક્રમ તા. ૨૦/૦૨/૨૦૨૫ ના રોજ બં. અ. કૃષિ મહાવિદ્યાલયના ઓડિટોરીયમ ખાતે યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ તેમજ યુનિવર્સિટી ઓફિસર્સ, જુદી-જુદી ફેક્લ્ટીના ડિન્સના હસ્તે વિજેતા સ્પર્ધકોને મેડલ તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવેલ. બં. અ. કૃષિ મહાવિદ્યાલયને ઓવરઓલ જનરલ ચેમ્પીયનશીપ તેમજ એથ્લેટીક ચેમ્પીયનશીપ ૨૦૨૪-૨૫ વીજેતા જાહેર કરેલ તેમજ એસ.એમ.સી પોલીટેકનીક ઇન એગ્રીક્લ્ચરને જનરલ ચેમ્પીયનશીપ ૨૦૨૪-૨૫ જાહેર કરેલ હતી. અંતમાં સદર સ્પર્ધાની સમાંમાપ્તિ રાષ્ટ્રગાન સાથે કરવામાં આવેલ હતી.













B. A. COLLEGE OF AGRICULTURE
Inter Collegiate & Inter Polytechnic
Athletic Meet
